ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૨ ડીગ્રી
લઘુતમ : ૨૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૪૮ ટકા

# ગ્રીન ગાંધીનગર માટે વ્યાપક અભિયાન

## સે-૨૮માં ૩૦૦ વૃક્ષોના વાવેતર સાથે 'ગાંધીનગર ચમકાવું છે'નો નિર્ધાર






ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં આજે સવારે સેકટર-૨૮માં સરકારી પ્રાથમિક શાળાની પાછળના ખુલ્લા પ્લોટમાં શહેરના 'ગાંધીનગર ચમકાવું છે' ગૃપના સ્વયંસેવકો દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શહેરના મેયર રીટાબેન પટેલ, કોર્પોરેટર હર્ષાબા ધાંધલ તથા શહેરના ભાજપ અગ્રણી કેતન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

'ગાંધીનગર ચમકાવું છે' ગૃપના સભ્યો સાથે પર્યાવરણ જતન તથા શહેરને ફરી ગ્રીનસિટીનો દરજજો મળે તે માટેના પુણ્ય પ્રયાસમાં આસપાસના રહીશો પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. સવારે ૮.૩૦ કલાકે આ કાર્યક્રમનો પ્રારંભ કરી દેવાયો હતો. જેમાં ૩૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણમાં કણજા, સેતુર, લીમડાં, જામફળ, નીલગીરી, સાગ જેવા વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. તથા વૃક્ષોને ટ્રીગાર્ડ તથા ફેન્સિંગની સુરક્ષા પણ પ્રદાન કરવામાં આવી છે. આ સાથે 'ગાંધીનગર ચમકાવું છે' ગૃપના સભ્યોએ આ વૃક્ષોના જતન તથા ઉછેરની જવાબદારી પણ સ્વીકારી છે તેમજ નિયમિત જળસિંચનની વ્યવસ્થા પણ ઉભી કરી છે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલા વર્ગ પણ જોડાયો હતો. કાર્યક્રમના સમાપને સભ્યોને અલ્પાહારની સેવા પુરી પાડવામાં આવી હતી.

## ટીપી-૯માં સ્વયંભુ વૃક્ષારોપણ તથા સ્વચ્છતા અભિયાન





ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના સરગાસણમાં આવેલ ટીપી-૯ના રહીશોએ રવિવારના દિવસને યાદગાર બનાવી દીધો હતો. રવિવાર વહેલી સવારથી જ ખ-રોડ થી ટીપી-૯ તરફના એકમાત્ર પ્રવેશ માર્ગના ડિવાઈટર ઉપર સૌ સાથે મળી વૃક્ષારોપણ હાથ ધર્યું હતું. ડિવાઈડર ઉપર વૃક્ષારોપણ માટે ગાંધીનગર જીઆઈડીસી સ્થિત ફોટોનિક્સ વૉટરટેક પ્રા.લી.ના ડાયરેટર વસંતભાઈ પટેલ તથા બ્રિજેશભાઈ પટેલ દ્વારા સ્વૈચ્છિક જવાબદારી લઈ સૌનો સાથ સહકારથી સુર્યા સર્કલ સુધી વૃક્ષારોપણ કર્યું હતું. આ પર્યાવરણ જાળવણી અભિયાનમાં શ્રી શરણમ્, સૂર્યા રિટ્રીટ બંગલો, મારૂતિ આમ્રકુંજ, પ્રમુખઓએસીસ, પ્રાર્થના ગ્રિન્સ, સ્થાપન-૨, શરણં રેસીડેન્સી, લેન્ડમાર્ક હાર્મોની, શાંતિવિલા વગેરે સોસાયટીના સ્વયંસેવકો જોડાયા હતા. આ પ્રસંગે ગુડાના અધિકારી જગદીશભાઈ નાયી તથા રેડીયન્ટ સ્કૂલના ટ્રસ્ટી વાજાની ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું તો અર્નિઘેશ બંગલો, શાંતમ પાર્ટી પ્લોટ, પારિજાત હોમ્સ અને વૃંદાવન સોસાયટી એ વૃક્ષને પાણી પૂરું પાડવાની વ્યવસ્થા કરી હતી.

તો બીજી તરફ વસાહતની પ્રમુખ બ્લીસ સોસાયટીની બહેનોએ સવારથી જ સોસાયટીની આસપાસ જાળી-જાંખરા તેમજ અન્ય દૂર કરવાનું સફાઈ અભિયાન હાથ ધર્યું હતું અને અન્ય સોસાયટીઓ આવું કાર્ય હાથ ધરે તેવી પ્રેરણા પુરી પાડી હતી જે નોંધનીય બન્યું હતું. વધુમાં શ્રી શરણંમ્ બાલ મંડળના નાના ભુલકા પણ આ અભિયાનમાં જોડાઈને ભણતર સાથે પર્યાવરણ પણ એટલું જ મહત્વ આપ્યું હતું. ટીવી-૯ના વસાહતીઓ દ્વારા થઈ રહેલી આ પ્રવૃત્તિમાં મહત્ત્વ આપ્યું હતું. ટીપી-૯ના વસાહતીઓ દ્વાર થઈ રહેલી લોકઉપયોગી કાર્યો તેમજ પર્યાવરણ જાગૃતિ કાર્યોમાં સોસાયટીઓના રહીશોને પ્રોત્સાહન મળે છે.




ગાંધીનગરના સે-૩૦ ખાતેના મુકિતધામ સ્મશાનના કર્મચારીઓના પરિવારના બાળકોને શહેરની પ્રયોશા મહિલા વિકાસ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ લક્ષ્મીબેન જોષી તથા એએફએસના પ્રમુખ ડૉ. વર્ષાબેન પારેખની ટીમ દ્વારા વિના મૂલ્યે પુસ્તક વિતરણ કરી અભ્યાસલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મનપાના પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન મનુભાઈ પટેલ તથા કચ્છ સૌરાષ્ટ્ર સમાજ સેવાના અગ્રણી જીલુભા ધાંધલ ઉપસ્થિત રહ્યા હતા.








કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓનો સ્વાગત સમારોહ અને ઓરિએન્ટેશન પ્રોગ્રામ બ્રહ્માણી કૃપા હોલમાં યોજાયો હતો. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા. આ સમારંભના અતિથિ વિશેષ તરીકે મોટીવેશનલ સ્પીકર અભિજિતસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પોતાના વકતવ્યમાં વિદ્યાર્થી જીવનમાં સફળ થવાના સાત મુદ્દાઓ પર વિસ્તૃત અગત્યની ટિપ્સ વિદ્યાર્થીઓને પોતાની લાક્ષણિક ભાષામાં સમજાવી હતી. સંસ્થાના ડાયરેકટર ડૉ. સંજય એમ. શાહ અને સ્ટાફ મિત્રોએ તેઓને ભવિષ્યમાં ખૂબ આગળ વધવાની શુભેચ્છાઓ આપી હતી. કાર્યક્રમના અંતે કો ઓર્ડિનેટર પ્રો. રૂપેશ વ્યાસે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. જૈમિની કુલકર્ણી દ્વારા કરવામાં આવ્યું હતું.

### @ગાંધીનગર

● આજે સાંજે ૫ વાગ્યે સેકટર-૨૧ વૈજનાથ મહાદેવ મંદિર ખાતે રૂદ્ર પાઠ યોજાશે.

### ચિરવિદાય

- સ્વ. દરજી દશરથભાઈ કચરાભાઈ, ઉ.વ.૮૩
- સ્વ. વાઘેલા જીતુજી ચંદુજી, ઉ.વ. ૬૫
- જાની ચંદ્રકલા ઈન્દુલાલભાઈ, ઉ.વ. ૯૧

## ટાઉનહોલ ખાતે મંગળવારે શાસ્ત્રીય નૃત્ય સંગીત સત્સંગ યોજાશે

ઉત્તર ગુજરાતમાં શિક્ષણ, ધર્મ, સેવા અને આધ્યાત્મિક ક્ષેત્રે કાર્યરત મહામૃત્યુંજય અમૃત યુનિવર્સિટીના પ્રેરણાસ્ત્રોત સ્વામી હિમાંશુજીની નિશ્રામાં તા. ૨ જુલાઈના રોજ સાંજે ૬.૩૦ કલાકે સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે શાસ્ત્રીય નૃત્ય સંગીત સભર સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ બાદ પ્રીતિભોજન પ્રસાદીની સુવિધા પણ રાખવામાં આવી છે. ભાવિકોને ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## મેડીકલ કોલેજમાંથી કોપરના વાયર ચોરી કરતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર શહેરની મેડીકલ કોલેજમાંથી શુક્રવારની મધ્યરાત્રીએ એસીના કોપરના વાયર ચોરી કરતો શખ્સ સિક્યુરીટી ગાર્ડના હાથે ઝડપાઈ ગયો હતો. સિક્યુરીટી ગાર્ડે મેડીકલ કોલેજના તંત્રને જાણ કરી ચોર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સંચાલિત પાટનગરની મેડીકલ કોલેજમાં વાહનચોરીના બનાવ તો આંતરે દિવસે બને છે. કેમ્પસમાં દર્દીઓ અને મુલાકાતીઓ સહિત સ્ટાફ અને વિદ્યાર્થીઓ મોટીસંખ્યામાં હોવાથી ચોર ઈસમો માટે મેડીકલ કોલેજ કેમ્પસ ચોરી માટે સોફટ ટાર્ગેટ બની જાય છે. ત્યારે સિવિલ અને મેડીકલ કોલેજમાં નાની મોટી ચોરીના બનાવો બનતા રહે છે. ત્યારે ગત શુક્રવારની મોડી રાત્રીના સુમારે એક ઈસમ મેડીકલ કોલેજ બિલ્ડીંગની પાછળની બાજુએ એસીના કોપર વાયર ચોરી કરતા શખ્શને સિક્યુરીટીના જવાનોએ પકડી પાડ્યો હતો. ત્યારે સિકયુરીટીના જવાનોની સજાગતાથી ચોર પકડાઈ જતા તેની પાસેથી ચોરી કરેલા કોપરની પાઈપો પણ મળી આવી હતી. ચોર ઈસમને પકડી મેડીકલ કોલેજ તંત્રને જાણ કર્યા બાદ શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મેડીકલ કોલેજના સિકયુરીટીની સજાગતાને ધ્યાને લઈ સિવિલમાં ફરજ બજાવતા સિક્યુરીટી જવાનો પણ સજાગ રહે તો કેમ્પસમાંથી ચોરીના બનવો અટકાવી શકાય છે.

# શોખને વિકસાવી મિત્રો બનાવ્યા સાથે અનેકના જીવ પણ બચાવ્યા

## વાવાઝોડું, પુર કે ધરતીકંપ જેવી કુદરતી આપત્તિઓમાં આશિર્વાદરૂપ સાબિત થતા હેમ રેડિયોને એક સાયન્ટિફિક શોખ ગણાવતા ગાંધીનગરના વાયરલેસ પીઆઈ પી.સી. વલેરાનું ગુજરાતમાં હેમ રેડિયો ઓપરેટર્સ તૈયાર કરવામાં અનેરૂં યોગદાન




ગાંધીનગર, તા.૩૦

તાજેતરમાં જ 'વાયુ' વાવાઝોડાની આગાહીના પગલે માત્ર ગુજરાત જ નહી પરંતુ સમગ્ર દેશમાં અજુગતુ થવાની ચિંતા સાથે ભારે ઉત્સુકતા પણ વ્યાપી જવા પામી હતી અને રાજય સરકારે 'વાયુ' ત્રાટકે તો થઈ શકનારી તબાહીથી ઓછામાં ઓછું નુકશાન થાય તે માટે અભૂતપૂર્વ તૈયારીઓ સાથેની પ્રસંશનીય ચોકસાઈ દાખવી હતી. જો કે 'વાયુ' ફંટાઈને પછી દરિયામાં જ શમી જતા સૌના તાળવે ચોંટેલા જીવ હેઠે બેઠા હતા. અગાઉ ગુજરાતે ભયાનક ધરતીકંપ, મચ્છુ ડેમ હોનારત, સુરત-બનાસકાંઠા સહિતની અનેક પુર હોનારતો, વાવાઝોડા, અતિવૃષ્ટિ જેવી કુદરતી આફતોનો સામનો અનેકવાર કર્યો છે અને એટલે જ રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને અત્યારના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડિઝાસ્ટર મેનેજમેન્ટને અગત્યનું સ્થાન આપી તે માટે ખાસ દળ તૈયાર કરાવ્યું છે. પૂર, ધરતીકંપ અને વાવાઝોડા જેવી કુદરતી આપત્તી સમયે જયારે સ્થાપિત સંચાર માધ્યમો ધ્વસ્ત થઈ જાય છે ત્યારે સંદેશા વ્યવહાર માટે 'હેમ રેડિયો' એક માત્ર વિકલ્પ બચે છે. ૨૦૦૧માં કચ્છના ભૂકંપ વખતે પણ આ પ્રકારની સ્થિતિ સર્જાતા ટેલિફોન-મોબાઈલ સહિતના તમામ સંચાર માધ્યમો પડી ભાંગ્યા હતા ત્યારે તત્કાલીન મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે 'હેમ રેડિયો' થકી જ વ્યવસ્થા સંભાળી હતી. ગાંધીનગરમાં વર્ષો સુધી વાયરલેસ પોલીસ ઈન્સ્પેકટર તરીકે સેવા આપનારા પી.સી. વલેરાએ અનેક આપત્તિઓમાં હેમ રેડિયોનો અસરકારક ઉપયોગ કરી દેખાડયો છે એટલું જ નહીં પરંતુ પાટનગર સહિત રાજયભરમાં અસંખ્ય હેમ રેડિયો ઓપરેટર્સ પણ તૈયાર કર્યા છે.

રાજકોટ જિલ્લાના લીમડીમાં બ્રીટીશ રાજ વખતે કેન્વાસ પોટ્રેટ પેઈન્ટર તરીકે જાણીતા અને પછી રૉયલ આર્ટ સ્ટુડીયો નામથી ફોટોગ્રાફીનો વ્યવસાય કરતા ચંદુલાલ વલેરા અને તેમના ધર્મપત્ની રમાબેનના પાંચ દિકરા તથા ચાર દિકરી એમ નવ સંતાનો પૈકીના ચોથા નંબરના સંતાન પ્રવિણચંદ્ર એટલે કે પી.સી. વલેરાએ લીમડીમાં શાળાકીય અભ્યાસ પુરો કર્યા પછી રાજકોટની એ.વી. પારેખ કોલેજમાંથી ડિપ્લોમા ઈન રેડિયો ઈલેકટ્રોનિકસનો અભ્યાસ કર્યો








હતો. આ દરમિયાન એટલે કે ૧૯૭૯મા મોરબી ખાતે મચ્છુ ડેમ તુટવાની હોનારત સર્જાઈ ત્યારે રામકૃષ્ણ મિશન તરફી સ્વયંસેવક તરીકે સેવા આપવા તેઓ મોરબી ગયા હતા જયાં તેમણે તંબુ બાંધી વાયરલેસથી સંદેશાની આપ-લે કરી રાહત કાર્ય થતું જોયું ત્યારે જિજ્ઞાસાવશ તેની તપાસ કરી તો ખબર પડી કે આ સરકારી લાયસન્સ સાથે ચલાવાતી હેમ રેડિયોની સેવા છે. આ પરથી પ્રેરણા લઈ ૧૯૮૧માં લાયસન્સ મેળવવા તેમણે ડૉ. જગદીશ પંડયા પાસેથી હેમ રેડિયોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આ પછી તેમને અભ્યાસ પૂર્ણ કરતા જ ૧૯૮૨માં પોલીસ ખાતામાં રેડિયો મિકેનિકલ કાર્ય માટે વાયરલેસ પીએસઆઈના હોદ્દા પર નોકરી પ્રાપ્ત થઈ હતી. શરૂઆતમાં નડિયાદ, ગોધરા, વલસાડ, અમદાવાદ, સુરેન્દ્રનગર જેવા સ્થળોએ કાર્ય કર્યા બાદ છેલ્લા ૨૦ વર્ષથી તેમણે ગાંધીનગર ખાતે સેવાઓ આપી છે અને ગત વર્ષે તેઓ પીઆઈના હોદ્દા સાથે વય નિવૃત્તિ મેળવ્યા બાદ એકસટેન્શન પણ પ્રાપ્ત કરતા હાલ પણ તેમની સેવાઓ આપી રહ્યા છે.

પોલીસ ખાતામાં વાયરલેસ સેવાઓનો વિભાગ સંભાળતા પી.સી. વલેરા પોતાની હેમ રેડિયો ચલાવવાની આવડતનો અમરેલીમાં વાવોઝોડું, જુનાગઢ, પોરબંદર, જામનગર, સુરત વગેરમાં અતિવૃષ્ટિ-પૂર, મહારાષ્ટ્રના લાતુર તથા ૨૦૦૧માં કચ્છના ધરતીકંપ, ૨૦૦૫માં સુનામી વખતે આંદામાન-નિકોબાર ઉપરાંત 'નિલોફર'થી માંડીને છેલ્લે 'વાયુ' વાવાઝોડાની ચેતવણીઓ સહિતના સમયે તેમની ઉપયોગી સેવાઓ આપી ચુકયા છે. વર્ષ ૨૦૦૧માં ધરતીકંપના દર્દનાક અનુભવ બાદ તત્કાલીન રાહત કમિશનર એસ.કે. નંદાની અધ્યક્ષતામાં 'ગુજરાત ઈન્સ્ટિટયુટ ઓફ એમેચ્યોર રેડિયો'ની સ્થાપના કરવામાં આવી જેમાં તેઓ જોઈન્ટ સેક્રેટરી તરીકે સેવા આપવા સાથે રાજયભરમાં હેમ રેડિયો શીખવા માંગતા ઓપરેટર્સને તાલીમ આપવાનું કાર્ય નિભાવી રહ્યા છે. વર્ષ ૨૦૦૧ના ધરતીકંપ વખતે લીમડીમાં તેમનું ખુદનું ઘર તુટી ગયું હોવા છતાં તેમણે ગાંધીનગર કંટ્રોલ રૂમમાં ફરજ બજાવી હતી. સુનામી હોનારત વખતે આંદામાન-નિકોબારના છેલ્લા ટાપુ 'કેમ્બલ બે' પર બે સાથીઓ સાથે તેમણે વિજળી-પાણી કે ભોજનની પણ સુવિધા વગર સતત સાત દિવસ સુધી સંદેશા વહેવારની આપ-લે કરી હતી. જે સમયે નૌ સેનાનું સ્થાનિક એરબેઝ પણ પાણીમાં તણાઈ ગયું હોવાની સ્થિતિમાં વાયુદળના વિમાનોને મહત્વનું માર્ગદર્શન પુરું પાડયું હતું. આવી અનેક આપત્તીઓમાં સેવા આપવા સાથે તેમણે ભારતમાં દર વર્ષે યોજાતા હેમ રેડિયો અધિવેશનનું ગાંધીનગરમાં વર્ષ ૨૦૦૩માં સૌ પ્રથમવાર અને ફરી ૨૦૦૮માં ઉપરાંત એકવાર રાજકોટમાં એમ કુલ ત્રણ વાર યજમાન સ્ટેટ તરીકે આયોજન સંભાળ્યું હતું. ગાંધીનગરના પહેલા હેમફેસ્ટ અધિવેશનમાં જ ૪ વિદેશી સાથે ૮૦૦થી વધુ હેમ રેડિયો ઓપરેટર્સ પધાર્યા હતા. ૨૦૧૫માં માઉન્ટ આબુ ખાતેના હેમ ફેસ્ટ અધિવેશનમાં તેમને 'શ્રેષ્ઠ કામગીરી'ના એવોર્ડથી સન્માનવામાં પણ આવ્યા હતા. જો કે આ પહેલા ૨૦૧૪માં જ તેમને રાષ્ટ્રપતિ દ્વારા વિશિષ્ટ સેવા માટે પોલીસ મેડલ માટે પસંદ કરાયા હતા જે તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે એનાયત થયો હતો. અત્યાર સુધીમાં તેમણે રાજયભરમાં સરકારી અધિકારીઓ, ગુજરાત ઈન્સ્ટિટયુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટના તાલીમાર્થીઓ, સ્પીપા જેવી સંસ્થાઓ વગેરેમાં તાલીમ આપીને અસંખ્ય હેમ રેડિયો ઓપરેટર્સ તૈયાર કર્યા છે. ગાંધીનગરમાં આજે તેમની તાલીમ પ્રાપ્ત ૨૦૦થી વધુ હેમ રેડિયો ઓપરેટર્સ છે તેમણે કોઈ પણ આપત્તિ સમયે પોતાની સેવા આપવા તત્પર હેમ રેડિયો ઓપરેટર્સની ટીમ તૈયાર કરી છે જેમાં ૪૦ ટકા સ્વયંસેવકો તો ગાંધીનગરના જ છે.

પ્રજા અને પોલીસ વચ્ચે સુમેળભર્યા સંબંધો સ્થપાય તે હેતુસર ૨૦૧૨માં શરૂ કરાયેલ સુરક્ષા સેતુ પ્રોજકેટમાં પણ લાયઝન અધિકારીની સેવાઓની જવાબદારી નિભાવતા તેમણે સ્ટુડન્ટ પોલીસ કેડેટસ, મહિલાઓને સ્વબચાવની તાલીમ ટ્રાફિક અવેરનસ વગેરે ઉપરાંત આત્મહત્યા નિવારણ માટેની જીવન આસ્થા હેલ્પલાઈનનું કાર્ય સંભાળતા જીવનથી નાસીપાસ થઈને આત્મહત્યા કરવા પ્રેરાયેલા અગણિત નાગરિકોના જીવન બચાવવાનું કાર્ય પણ તેઓ કરી ચુકયા છે. હેમ રેડિયોને સાયન્ટિફિક હોલી ગણાવતા પી.સી. વલેરા કહે છે કે 'હેમ રેડિયો થકી તેમના મિત્રો બનાવવાનો શોખ પણ પુરો થયો છે અને હોનારત સમયે અનેકના જાન-માલ બચાવવાનું કાર્ય કરવાનો મોકો પણ મળ્યો છે.'

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com